**રે. દરખાસ્ત નં. ૦૪/૨૦૨૫**

**:: આંક – ૦૧ હેઠળ હુકમ ::**

હાલની દરખાસ્ત દ.વાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. નાઓએ દ.પ્રતિવાદી પાસેથી રૂા.૨,૦૫,૬૦૧.૮૨/– વસુલ મેળવવા માટે દાખલ કરેલ છે. દ.વાદીએ હાલની દરખાસ્ત સને–૨૦૨૫ માં દાખલ કરેલ છે. સદર કામે દ.પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ છે તેમ છતા તેઓ હાજર રહેલ નથી. જેથી આ કામના દ.વાદીએ તા.૨૫–૦૯–૨૦૨૫ ના રોજ આંક–૦૬ થી દ.પ્રતિવાદી સામે જંગમ જપ્તી વોરંટ ઈશ્યુ કરવા માટે અરજી રજુ કરેલ છે અને સદર અરજી હેઠળ તા.૨૫–૦૯–૨૦૨૫ ના રોજ હુકમ કરી, આ કામના દ.પ્રતિવાદી સામે જંગમ જપ્તી વોરંટ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદથી આ કામના દ.વાદી ને દ.પ્રતિવાદી સામે વખતો વખત જંગમ જપ્તી વોરંટ રી–ઈશ્યુ કરી આપવામાં આવેલ છે. પરંતુ આ કામના દ.પ્રતિવાદી જંગમ જપ્તી વોરંટમાં જણાવેલ રકમ પૈકી અમુક રકમ દ.વાદીને ચુકવી આપતા હોય, જેથી દ.વાદીએ જંગમ જપ્તી વોરંટની અમલવારી આજદીન સુધી કરાવેલ નથી અને તમામ વોરંટો વગર બજે પરત આવેલ છે. જે તમામ જંગમ જપ્તી વોરંટો રેકર્ડ ઉપર રજુ છે. હાલની દરખાસ્ત અરજીનુ રેકર્ડ જોતાં, આ કામના દ.વાદીને જંગમ જપ્તી વોરંટની અમલવારી કરવામાં કોઈ રસ નથી તેવુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. વધુમાં **નામ. સુપ્રિમ કોર્ટે AIR 2021 S C 2161 Rahul S. Shah V/s Jinendra Kumar Gandhi and others** ના ચુકાદામાં તથા હાલમાં **નામ. સુપ્રિમ કોર્ટે 2025 LiveLaw (SC) 293 (Civil Appeal Nos.3640-3642 of 2025 ) Periyammal (Dead) Through LRS & Ors. V/s V. Rajamani & Anr. Etc.** ના ચુકાદામાં નીચેની અદાલતો ને દરખાસ્ત ૬ માસમાં નિર્ણય/નિકાલ કરવા માટે ડાયરેકશન/માર્ગદર્શન આપેલ છે. જે ધ્યાને લેતાં, તેમજ હાલની દરખાસ્તનુ રેકર્ડ જોતાં, આ કામના દ.વાદી ને વખતો વખત જંગમ જપ્તી વોરંટ રી–ઈશ્યુ કરી આપવા છતાં, દ.વાદી હાલની દરખાસ્તના કામે જંગમ જપ્તી વોરંટની અમલવારી કરાવતા નથી અને દ.વાદી વોરંટની અમલવારી કરવા માટે આગળની કોઈ કાર્યવાહી કરતા ન હોય, જેથી હાલની દરખાસ્ત દ.વાદીના કસુરના કારણે મૃત અવસ્થામાં પડી રહેલ છે. હાલની દરખાસ્ત છ માસ કરતા ઉપરાંત જુની છે. આમ, દ.વાદીને હાલની દરખાસ્તમાં જંગમ જપ્તી વોરંટની અમલવારી કરવામાં કોઈ રસ ન હોય, તેવા સંજોગોમાં હાલની દરખાસ્ત વધુ સમય માટે મુકી રાખવાથી ન્યાયનો હેતુ સર થાય તેવુ જણાઈ આવતુ નથી તેવુ આ કોર્ટનુ માનવુ છે. જેથી ઉપરની તમામ હકીકતો ને ધ્યાને લેતાં તથા નામ. સુપ્રિમ કોર્ટના ઉપરોકત બન્ને ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ને નજર સમક્ષ રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

હાલની દરખાસ્ત અરજી ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨–૦૬–૨૦૨૬
કપરાડા

(કમલેશ કિશનચંદ નાથાણી)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
કપરાડા
Code No. GJ 01449